# ૪૩૮ દિવસ સમુદ્રમાં એકલો રહી જનાર માણસ

## ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

કલ્પના કરો ઉપર ખુલ્લું આકાશ અને ચારે બાજુ ખામોશ ભયાવહ સમુદ્ર. ન કોઈ કિનારો કે ન કોઈ મદદ. હાથમાં જર્જરિત હોડી અને ભીતર બચી જવાની જિજીવિષા. ચારે બાજુ તરાપ મારતા મોતનો ભય. એ માણસ ફક્ત એક દિવસ માટે માછલી પકડવા નીકળ્યો હતો પણ દરિયાએ તેને ૪૩૮ દિવસ પોતાની કેદમાં રાખી લીધો. ન ખાવાનું હતું, ન પીવાનું પાણી, ન કોઈ રક્ષણ ન કોઈ મનુષ્ય. જીવવાની આશા પ્રતિ દિવસ ઘટતી જતી હતી અને મરવાના સંજોગો પ્રબળ બનતા જતા હતા. આમ તો એ હોડીમાં બે વ્યક્તિ હતી, પણ માત્ર ચાર મહિનામાં જ તેનો સાથીદાર મૃત્યુ પામ્યો. જે બચી ગયો તે દરરોજ નજીક આવતા મોતને ધક્કા મારવા લાગ્યો અને આખરે જિંદગીના ઉંબરા સુધી પહોંચી આવ્યો.

૨૦૧૨ની અઢારમી નવેમ્બરનો દિવસ હતો. મેક્સિકોના દક્ષિણી તટ પર વસેલા એક નાના નગર પીજી જાપાનનો જોશ અલ્વરેંગા નામના માછીમારની ઉંમર હજુ ૩૬ વર્ષની જ હતી. તે એ જ નગરમાં પોતાની નાનકડી બાળકી સાથે રહેતો હતો. તે અને તેનો સાથીદાર એજીકલ કારડોબા માછલી પકડવા નીકળ્યા. જોશને માછીમારીનો વર્ષોનો અનુભવ હતો. છેલ્લા કેટલાક દિવસથી તેમને માછલીઓ મળતી નહોતી એટલે તેમણે નક્કી કર્યું તેઓ કિનારાથી દૂર સમુદ્રમાં જશે. તેઓ નીકળ્યા ત્યારે એક અનુભવી માછીમારે તેને ના પાડી કે આજે જવા જેવું નથી. સમુદ્રનો મિજાજ બગડેલો છે પણ જોશે તેની વાત ઉપર ધ્યાન ન આપ્યું અને તેમની સાત મીટર લાંબી નાવ લઈને નીકળી પડ્યા. એ નાવમાં નાનું એન્જિન, એક રેડિયો, થોડો બરફ, થોડાંક બોક્સ અને એક દિવસનું ખાવાનું. તેમનું લક્ષ્ય હતું એકસો વીસ કિલોમીટર દૂર સુધી જવું પણ તેમને કલ્પના નહોતી કે ૧૨૦ કિલોમીટરનું અંતર તેમને જીવન અને મૃત્યુ વચ્ચે ઝુલતાં રાખી દેશે.

તેઓને માછલીનો જથ્થો મળવા લાગ્યો. રાત થતાં સુધીમાં સમુદ્રે રંગ બદલ્યો. તોફાન શરૂ થયું અને તેમનું ભાગ્ય બદલી નાખ્યું. ભયાવહ મોજાંઓથી તેમની હોડીનું એન્જિન બંધ થઈ ગયું, રેડિયો બગડી ગયો, હવે તેમની પાસે જમીન સાથે સંપર્ક કરવાનું કોઈ સાધન નહોતું. તોફાન



તે વખતે જોશને ખબર નહોતી કે હજુ તેણે બીજા નવ મહિનાઓ એકલા અનંત સમુદ્રમાં કાઢવાના છે. ચારે બાજુ પાણી સિવાય કશું નજરે ચડતું નહોતું. જોશ જાણતો હતો કે કિસ્મતની આ લડાઈ ફક્ત ભૂખ અને પાણીની નથી, આ લડાઈ પોતાના અસ્તિત્વની છે. દરરોજ સવાર પડતી ત્યારે થતું આજે આ મારો છેલ્લો દિવસ છે

એટલું તીવ્ર હતું કે મોજાંઓ તેમની હોડીથી ઉપરથી જવા લાગ્યા. તેમણે મહામહેનતે હોડીમાં રાખેલી માછલીઓ દરિયામાં ફેંકી દીધી પણ કુદરતને કંઈક જુદું જ કરવું હતું. એમને ખબર નહોતી કે તોફાન તેમની હોડીને ૪૦૦ કિલોમીટર અજાણી દિશામાં લઈ ગયું હતું. બે દિવસે તોફાન તો શાંત થઈ ગયું પણ મોત સામેની લડાઈ શરૂ થઈ. ખાવાનું નહોતું, પીવાના પાણી માટે હવે વરસાદની રાહ જોવાની હતી. આખરે મનુષ્યનું શરીર કેટલા દિવસ ભૂખ સામે ટકી શકે. તેમણે ન છૂટકે દરિયાઈ પક્ષીઓ, કાચબા અને જીવતી માછલીઓ ખાવા સિવાય બીજો રસ્તો નહોતો. એજીકલ જોશ કરતાં યુવાન હતો પણ માનસિક રીતે તૂટવા લાગ્યો. તેનું શરીર જવાબ દઈ ગયું. ચાર મહિના અજાણ્યા દરિયામાં રખડ્યા પછી આખરે તેણે આંખો મીંચી દીધી. જોશે ન છૂટકે પોતાના સાથીદારનું મૃત શરીર દરિયાને સોંપી દીધું. તે વખતે જોશને ખબર નહોતી કે હજુ તેણે બીજા નવ મહિનાઓ એકલા અનંત સમુદ્રમાં કાઢવાના છે. ચારે બાજુ પાણી સિવાય કશું નજરે ચડતું નહોતું. જોશ જાણતો હતો કે કિસ્મતની આ લડાઈ ફક્ત ભૂખ અને પાણીની નથી, આ લડાઈ પોતાના અસ્તિત્વની છે. દરરોજ સવાર પડતી ત્યારે થતું આજે આ મારો છેલ્લો દિવસ છે. તૂટી જવાની ઘડીઓમાં તેને પોતાની દીકરી યાદ આવતી. એક માસૂમ ચહેરો અને મીઠો અવાજ તેને જીવતો રાખતા હતા. એની દીકરી જાણે કહેતી હતી પપ્પા હું તમારી રાહ જોઉં છું અને જોશ ફરી એક દિવસ પસાર કરી જતો. દિવસે ચામડી બાળી નાખતો તડકો અને રાતે લોહી સુકવી દેતી ઠંડી વચ્ચે જોશ પોતાનો અવાજ ભૂલી ગયો. એક દિવસ અર્ધ બેહોશ હાલતમાં પોતાની હોડીમાં પડ્યો હતો ત્યારે દૂર સમુદ્રમાં તેને એક વિશાળ જહાજ દેખાયું પણ એ જહાજ તેને જોયા વગર જ પસાર થઈ ગયું. જોશ રડી પણ શક્યો નહીં. તેનાં વસ્ત્રો માત્ર કહેવાનાં વસ્ત્રો હતાં. તે બેહોશીમાં નાવમાં પડ્યો રહેતો અને એક દિવસ ચમત્કાર થયો.

દિવસ હતો ૩૦ જાન્યુઆરી ૨૦૧૪. તેને સુકાયેલાં નારિયેળ તરતાં દેખાયાં. તે સમજી ગયો કે આસપાસ નજીકમાં જમીન છે. તેના શરીરમાં તોફાન જાગ્યું. તેને એક ટાપુ દેખાયો. તેણે નાવને એ ટાપુ તરફ હંકારી. એ માર્શલ આઈલેન્ડ હતો. કિનારાની નજીક આવતાં જ તેણે સમુદ્રની સામે જોયું અને બેહોશ થઈ ગયો. ટાપુ ઉપર રહેતા સ્થાનિકો દોડ્યા તેને દવાખાને પહોંચાડ્યો. સાઈઠ કિલોનું શરીર માત્ર આડત્રીસ કિલોનું થઈ ગયું હતું. તેનો ઈલાજ થયો એ ઈલાજ નહોતો. એ દસ્તાવેજ હતો કે મનુષ્ય જીવવા માગે તો દરિયો પણ ઝૂકી પડે છે.

---



# રેસુમા અને તેની હાલત !

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

રેસુમાના જુવાનજોધ દિકરા નાની ઉંમરમાં જતા રહ્યા. ત્યારે એમને જીવતર ઝેર જેવું લાગ્યું. “જે ઉંમરે ડોશીને કાંધ આલવાની હોય એ ઉંમરે મારે એમની નનોમી બોંધવી પડી. ઘરમોં બે જુવાન વહુઓ. રોઈ રોઈન બાપડીની ઓસ્યો હુજી જેલી. કોંતા તો બેભોન થઈ જેલી. બેય સોકરાનો વસ્તાર તો આ બધુ જોઈન્ ગભરઈ જેલો. મોટી સોકરીઓ ન્ ખબર પડી ક પપો જતો રયો એકય એ રોયા કર્ પણ નેના સોકરાઓ ન્ આ બધો કુકવા હેનો એ કોય હમજાય નઈ. હે ભગવોન મન ચમ ના લઈ જ્યો, તારી કને આવવાના દાડા તો મારા હતા ન આ તે હું કીધું એવું મે ખૂબ કીધું. પણ આપણા કેવાથી ભગવોન થોડો આપણન્ લઈ જાય. ના છૂટકે છાતી કાઢી કરી છોકરાઓની નનામી બોધાઈ ન્ ઈમન્ સમશોને વળાયા. આજેય એ દાડો યાદ કરુ તો ઓમ હાથ ધ્રુજવા મોડઅ.”

સિત્તરે વટાવી ચુકેલા ને જેમની બોખલીમાં એક પણ દાંત રહ્યો નથી એવા પાટણના રાધનપુરના કુંતાસરીમાં રહેતા રેસુમા ભારે હૈયે આ બોલ્યા. દીકરા ગયા પછી કુંતાસરી છોડી એ ગાંધીધામ જતા રહ્યા. ત્યાં એમના સગા રહેતા એમની જોડે એમણે છાપરુ વાળ્યું ને લોકોના ઘરના કચરા પોતાના કામો કરવા માંડ્યા. જે ઉંમરે રેસુમાએ નિવૃતિ લેવાની હતી એ ઉંમરે એમણે પ્રવૃત થવું પડ્યું. કાંતા એમના મોટા દીકરાની વહુ. બહુ સમજુ. એ રેસુ મા સાથે ગાંધીધામ આવી. પણ નાની વહુએ ગામ છોડવાની ના પાડી. એણે કહ્યું, “તમે ગોધીધોમ જોવ તે હારે મારા વસ્તારનેય લેતા જોવ. ઓય મેલશો તો મુ હું ખવડાવીશ.” રેસુમા વહુને ઘણું કહી શક્યા હોત પણ એમણે કશું ન કહ્યું. પોતાના દીકરાના બચુડિયાઓ છે દીકરો હોત તો એ બાળકોને તરછોડત? હવે એ નથી તો મારી જવાબદારી બમણી થઈ. રેસુમા નાની વહુ કાંતા સાથે પોતાના બે દિકરાના આઠ પોતરા પોતરીને લઈને ગાંધીધામ જતા રહ્યા. આજકાલ સાસુ-વહુના ઝઘડા બહુ સામાન્ય બાબત, પણ રેસુમા ને કાંતાનો સંબંધ જોઈને જાણે કુદરતે આ બેઉ વિધવાઓના હૈયાને એકબીજાના ટેકા માટે સાંધ્યા હશેનું લાગે.

પણ એમને આ બાળકોની સતત ચિંતા થાય. એમણે શાળામાં બાળકોને ભણવા બેસાડ્યા. પણ જોઈએ એવું ધ્યાન આપી ન શકાય. ભણતરનું મહત્વ લોકોના ઘરે કચરા-પોતા કરવા જતા રેસુમાને શેઠિયાઓના છોકરાઓને સૂટ-બૂટ પહેરી અંગ્રેજી બોલતા જોઈ સમજાઈ ગયેલું. પોતે ભલે અક્ષરજ્ઞાન નહોતું લીધું. પણ જિંદગીના અનુભવે એમને ‘ભણતર’ નામની જડીબુટ્ટીની કિંમત સમજાવી દીધી હતી.

પોતે લોકોના ઘરોના અંઠવાડ સાફ કરતા પણ પોતાના પોતરા પોતરી આ દિશામાં ન જાય એ માટે એમણે બાળકોને સરખુ ભણાવવાનું નક્કી કર્યું ને ભગવાનને પણ કશો માર્ગ બતાવની પ્રાર્થના કરે. કહે છે. વિચાર શુદ્ધ હોય ને પ્રાર્થના પણ પવિત્ર હોય તો ઈશ્વર સાંભળે. વળી આતો ઘરડી માની પ્રાર્થના હતી. ઈશ્વરે એ સાંભળવી પડી. એમને અમારી હોસ્ટેલનું સરનામુ મળ્યું ને બાળકો સાથે ફાટેલા કપડે એ હોસ્ટેલના દરવાજે આવીને ઊભા.

રેસુમા હાંફતા-હાંફતા હોસ્પિટલ આવ્યા, એમની ગભરામણ જોઈને કાળજું કંપી જાય તેવું થયું. ‘હે રોમ, બે તો લઈ લીધા, હવ આ તીજા ઉપર નજર ના નોખતો.’

બાળકોને પ્રવેશ આપોની એમની વિનવણી ને અમે પ્રવેશ આપ્યો. એમણે એક પણ વખત હોસ્ટેલમાં શું ખાવા આપે? કેવી રીતે રહેવાનું? એવો એક પણ પ્રશ્ન ન પૂછ્યો. અલબત એમણે બાળકોને પણ કહ્યું, “જે વેઠવું પડે એ વેઠવાનું. પણ ભણ્યા વગર ઘેર નાહી નઈ આબ્બાનું. ભણશો તો જીવતર સે નકર અમારી ને તારી માની જેમ લોકોના ઘરના કચરા પોતા, છાણ વાસીદા કરમમો લખાશે.”

બાળકો પણ જાણે રેસુમાની વાત બરાબર સમજ્યા હોય એમ કોઈ જ ફરિયાદ વગર ભણે. રેસુમા દર મહિને એક વખત બાળકોને મળવા આવે. એ વખતે એ બાળકોને જબ્બર વહાલ કરે. એમની જીંદગીમાં બનેલી ઘટનાઓ વિષે અમને ખ્યાલ નહોતો. પણ એક દિવસ હોસ્ટેલમાં ભણતો એમનો એક પોતરો જેના પેટમાં પીડા ઉપડી અમે રેસુમાને તાબડતોડ આવવા કહ્યું ને દીકરાને અમે હોસ્પીટલ લઈ ગયા. રેસુમા હાંફતા-હાંફતા હોસ્પિટલ આવ્યા, એમની ગભરામણ જોઈને કાળજું કંપી જાય તેવું થયું. ‘હે રોમ, બે તો લઈ લીધા, હવ આ તીજા ઉપર નજર ના નોખતો.’ એમના આ શબ્દોમાં ઈશ્વર પ્રત્યેનો રોષ ને ક્યાંક વિનવણી પણ હતી. ડોક્ટેર બધુ સારુ થશે પણ માંદગી લાંબી એટલે સારવાર પણ લાંબી હોવાનું કહ્યું. રેસુમાએ એમાં પૂરો સહયોગ કરવા કહ્યું. પોતરાને ઘરે મોકલી દઈએ જેથી એ પોતે સારવાર કરાવી શકે એવો વિચાર આવ્યો પણ પછી રેસુમાએ કહ્યું. “અમારી તો હાલત જ નથી તમે જે કરો તે ખરુ.” ને પછી એમની આખી આપવીતી એમણે સંભળાવી.

અમે દીકરાની સારવારની જવાબદારી લીધી. રેસુમા દીકરો બિમાર એટલે ગમે ત્યારે દોડવું પડે એટલે ગાંધીધામથી પોતાના ગામ કુંતાસરી રહેવા આવ્યા. પણ અહીંયા એમની પાસે રહેવા ઘર નહીં. એક ઘર સરકારી યોજનામાં બનેલું પણ એ પડુ પડુ થાય. અમે જ્યારે પાક્કુ ઘર છે એવું પુછ્યું તો કહે, “લોકાના ઘરના કચરા પોતા કરીએ એમાં પેટજોગુ મોંડ થાય. ઘર આવામો ચમનું થાય બેન.” એ કહે, “મારા દીકરાઓને મે કીધેલું કે, અલ્યા જીવતે જીવ ડોશીને પાક્કા ઘરમો ઘાલજો. તમારો બાપ તો મન સાપરાંમાં પૈઈણીન લાયેલો પણ તમે ઘર વતાડજો. પણ છોકરા ઘર વતાડવા ન રયા. પેલા મન ઘર જોતું'તું પણ હવ્ માર મારા આ ઝેણા ઝેણા છોકરા હાટુ ઘર જોવ્. મુ અન્ મારી વહુ ઓમ શરીર થાકી જાય એવી મેનત કરીએ પણ નઈ મેળ પડતો. મારી એક જ આશા હતી મારા આ ઝેણા ઝેણા સોકરાન્ ઘર કરી આલવાની પણ....”

મા કેવી હોય એની વાતો આપણે અનેક જગ્યાએ સાંભળી છે ઈતિહાસમાં આપણા ધર્મગ્રંથોમાં પણ એ વિષે ખૂબ લખાયું છે. પણ રેસુમામાં મને ખરી મા જણાઈ. માણસના ભાગ્યમાં લખેલું માણસે વેઠવાનું હોય પણ માણસ પાસે મા હોય તો એ વેઠવું સહેલું થઈ જાય. રેસુમાનો બાળકો માટેનો સંઘર્ષ જોઈને આ સાચુ લાગે. કાંતાબેન એમની વહુ પણ જાણે અદની દીકરી હોય એવું વહાલ રેસુમા એના પર વર્ષાવે ને બાળકોના તો મોંઢા માડી માડી કરતા થાકે. આવા રેસુમાનું કુંતાસરીમાં પડું-પડું થતા ઘરની જગ્યાએ નવું ઘર બનાવી આપવાનું અમે નક્કી કર્યું. રેસુમા કહે, “મારી બે વહુઓ ન બેયનો વસ્તાર જુદો. જો થાય તો બે ઘર કરો તો ડોશીન્ એટલી ટાઢક. ભલે મારા સોકરાઓએ મન ઘર ના વતાડ્યું પણ આ ડોશીએ મોગી ભીખીન પણ ઈમના સોકરન રેવા જોગુ કર્યાની મન ધરપત થશે. ઉપર જઉં ન આ સૈયાઓનો પપ્પો મલ તો કહુ ક્ મારા હૈઈણ મુકીન્ જયા તા તે મે મારાથી થતું બધુ કીધું.” રેસુમાએ ઘર બાંધી આપવા કહ્યું એમાં કોઈ લાલચ નહોતી પણ પોતે આંખ મીંચી દેશે તો આ આઠ બાળકો ને બે વિધવા વહુઓ ક્યાં જશે?ની ચિંતા હતી. એમના માટે પાક્કું ઘર એટલે માત્ર છત નહીં, પણ જાણે એક સુરક્ષાનું કવચ હતું. રેસુમાની મમતા જોઈને અમારા આદરણીય કિશોરભાઈ પટેલની મદદથી એમના દિકરા કુશલભાઈની સ્મૃતિમાં અમે બે પાક્કા ઘર બાંધી આપ્યા. જ્યારે નવા ઘરમાં રેસુમાએ માટલી મુકી ત્યારે રેસુમા ને એમનો સમગ્ર પરિવાર રાજી રાજી..